**<u>સ્પે.દિ.મુ.નં.૩૬/૨૦૧૪</u>**

**<u>–:: આંક–૩૦ લગત હુકમ ::–</u>**

**(૧)** અરજી વંચાણે લીધી, રજુઆતો સાંભળી. હાલની અરજી પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૭ દ્વારા રજુ કરવામાં આવેલ છે અને એવી વિનંતી કરવામાં આવી છે કે, વાદીએ દાખલ કરેલો દાવો સમય મર્યાદાથી બાધિત છે અને તેથી સમય મર્યાદાનો મુદો પ્રિલીમીનરી ઈસ્યુ તરીકે નકકી કરવો આવશ્યક છે અને આ મુદો જો પ્રથમ નકકી કરવામાં આવે તો તેનાથી દાવાનો સંપુર્ણપણે નિર્ણય આવી શકે તેમ છે.

**(૨)** પ્રતિવાદી તર્ફે અરજીના સમર્થનમાં વિ.વકીલશ્રી ધામાણીએ વિધ્વતાપુર્ણ રજુઆત કરી છે કે, હાલના દાવામાં પ્રતિવાદીએ ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબ દાવો રદ કરવા માટે અરજી આપેલી હતી, જે અરજી આ નામદાર કોર્ટે રદ કરી હતી. તેની સામે ગુજરાત વડી અદાલતમાં અપીલ કરેલી અને આ અપીલનો નિર્ણય નામદાર વડી અદાલત સમક્ષ થયો ત્યારે સી.પી.સી. ઓર્ડર ૧૪ રૂલ ૨ મુજબ પ્રાથમિક મુદો ફ્રેમ કરીને સાંભળવા માટે લીબર્ટી આપીને અપીલનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેથી પ્રતિવાદીએ હાલની અરજી દાખલ કરી છે. વાદીએ આ દાવો ૪૦ થી ૪૫ વર્ષ પછી કર્યો છે. વાદીએ ગુજરનાર બાબુભાઈના મૃત્યુ પછી રકમ મેળવીને તેમનો હકક, હિસ્સો લઈ લીધો છે અને હવે દાવો દાખલ કર્યો છે, તેથી લીમીટેશનના મુદા ઉપર આ દાવાનો નિર્ણય થઈ શકે તેમ છે, તેથી અરજીમાં માગ્યા મુજબ દાવો સમય મર્યાદાથી બાધિત છે કે કેમ તે માટે ઈસ્યુ

ઘડવામાં આવે અને તેનો નિર્ણય પ્રથમ કરવામાં આવે તે જરૂરી હોય, અરજી મંજુર કરવા વિનંતી કરેલી છે.

પોતાની અરજીના સમર્થનમાં પ્રતિવાદી તર્ફે આંક-૪૭ થી લેખિત દલીલો પણ રજુ કરેલી છે, જે વંચાણે લીધી છે.

(૩) અરજી વિરૂધ્ધ વાદી તર્ફે આંક-૩૬ થી જવાબ રજુ કરવામાં આવેલો છે અને તેમાં એવી રજુઆત કરી છે કે, લીમીટેશન બાબતે પ્રાથમિક મુદો ફ્રેમ કરવાની કોઈ આવશ્યકતા નથી. દાવામાં ગમે ત્યારે પ્રાથમિક મુદો નકકી કરી શકાય નહી. બધા જ મુદાઓનો નિકાલ એકીસાથે થતો હોય તો તેવા સંજોગોમાં પ્રિલીમીનરી ઈસ્યુ કાઢીને પુરાવો લેવાની કોઈ જોગવાઈ નથી. તેથી પ્રિલીમીનરી ઈસ્યુ ફ્રેમ કરવાની આ દાવામાં કોઈ આવશ્યકતા નથી અને માત્ર એક જ મુદા માટે પુરાવો નોંધી શકાય નહી, જેથી અરજી રદ કરવા માટે વિનંતી કરેલ છે.

વાદી તર્ફે તેમના લેખિત જવાબમાં જણાવેલી કેફીયતો ઉપરાંત આંક-૪૯ થી લેખિત સ્વરૂપે પણ દલીલો રજુ કરેલ છે અને જણાવ્યુ છે કે, પ્રતિવાદીએ રજુ કરેલી અરજી મંજુર થવા પાત્ર નથી. વધુમાં વાદીએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખ્યો છે.

૧) (૧૯૮૩)૧ જી.એલ.આર., ૭૦૬, મેનેજર ઓટોમોટીવ લિ. વિરૂધ્ધ ભરતકુમાર મોહનલાલ શાહ.

૨) (૨૦૧૭) એ.આઈ.આર.(એસ.સી.ડબલ્યુ.)૨૬૯૭, હિરેન્દન વિરૂધ્ધ સુકુમારન.

૩) (૧૯૯૨)૧ જી.એલ.આર., ૧૫૫, ગુજરાત હાઉસીંગ બોર્ડ

વિરૂધ્ધ નવનિર્માણ મજુર બાંધકામ સહકારી મંડળી લિ.

(૪) ઉભયપક્ષ તર્ફેની રજુઆતો સાંભળી. રજુ કરેલ ચુકાદાઓ અને સી.પી.સી.ઓર્ડર ૧૪ ની જોગવાઈઓ ધ્યાન ઉપર લીધી. હાલની અરજી કરવાનું કારણ પ્રતિવાદીએ તેની અરજીમાં લખ્યુ છે તે પ્રમાણે અગાઉ દાવો રદ કરવા માટે સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબની અરજી આપવામાં આવેલી હતી અને તે અરજી મારા પુરોગામી પ્રીસાઈડીંગ ઓફિસરશ્રીએ નામંજુર કરેલી હતી, તેની સામે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરવામાં આવેલી અને તે અપીલમાં તા.૭/૬/૨૦૧૭ ના રોજ જે આખરી હુકમ કરવામાં આવ્યો છે તે મુજબ અપીલ વીથડ્રો કરી લેવામાં આવેલી હતી, જેમાં લીમીટેશનના મુદાને પ્રિલીમીનરી ઈસ્યુ તરીકે ફ્રેમ કરવાની અરજી રજુ કરવા માટે લીબર્ટી માગવામાં આવેલી હતી. નામદાર હાઈકોર્ટનો ચુકાદો આ દાવામાં નિશાની–૩૭/૬ થી વાદી તરફથી રજુ કરવામાં આવ્યો છે, જેમાં નામદાર હાઈકોર્ટે અપીલ વીથડ્રો કરતી વખતે એવુ નોંધ્યુ છે કે, પ્રતિવાદી સી.પી.સી. ઓર્ડર ૧૪ રૂલ ૨ મુજબની અરજી ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરે તો તે અરજીનો નિર્ણય કાયદાની જોગવાઈ મુજબ કરવામાં આવશે.

(૫) આમ, ઉપરોકત હુકમના આધારે પ્રતિવાદીએ અત્રેની કોર્ટ સમક્ષ લીમીટેશનના મુદાને પ્રિલીમીનરી મુદા તરીકે ફ્રેમ કરીને તેનો નિર્ણય પ્રથમ કરવાની માંગણી કરેલી છે. પ્રતિવાદી તરફથી તેના લેખિત જવાબમાં એવી તકરાર લેવામાં આવેલી છે કે, વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે. જેનુ કારણ એવુ જણાવ્યુ છે કે, વાદીએ ૪૦–૪૫ વર્ષ પહેલા

પોતાનો હિસ્સો રોકડ સ્વરૂપે લઈ લીધો છે અને આટલા બધા વર્ષો સુધી મૌન રહયા પછી વાદીએ હાલનો દાવો વિલંબીત તબકકે દાખલ કર્યો છે, તેથી ચતુરાઈપુર્વકના લખાણથી દાવાને સમય મર્યાદામાં લાવી ન શકાય તેવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતા વાદીએ હાલનો દાવો સમય મર્યાદાની બહાર છે તેવુ જાણવા છતા દાખલ કર્યો છે. તે સંજોગોમાં મુદો ફ્રેમ કરવાની આવશ્યકતા છે.

આ માંગણીના સંદર્ભે સી.પી.સી. ઓર્ડર ૧૪ ની જોગવાઈઓ વંચાણે લેવામાં આવે તો, સી.પી.સી.ઓર્ડર ૧૪ રૂલ ૨ માં સૌપ્રથમ એવી સ્પષ્ટ જોગવાઈ છે કે, પ્રિલીમીનરી ઈસ્યુ ઉપર દાવાનો નિર્ણય કરી શકાય તેમ હોય, તેમ છતા કોર્ટે તમામ મુદાઓ ઉપર ચુકાદો જાહેર કરવો જોઈશે અને સબ રૂલ ૨ માં એવી જોગવાઈ કરી છે કે, જયારે દાવામાં કાયદા અને હકીકતના બંને પ્રકારના મુદાઓ હોય અને કોર્ટનું એવુ માનવુ હોય કે, દાવાનો નિર્ણય માત્ર કાયદાના મુદાને આધારે થઈ શકે તેમ છે અને તે કાયદાનો મુદો કોર્ટની હકુમત બાબતનો હોય અથવા જે તે સમયે પ્રવર્તમાન કોઈ કાયદાની જોગવાઈ મુજબ દાવો બાધિત હોય તે અંગેનો હોય ત્યારે અન્ય મુદાઓ ઉપર ચુકાદો આપવાનું મુલ્તવી રાખીને માત્ર પ્રિલીમીનરી મુદા ઉપર ચુકાદો આપશે.

(૬) આમ, ઉપરોકત જોગવાઈ જોતાં એ સ્પષ્ટ છે કે, મુદાઓ નકકી કરવા માટે સામાન્ય નિયમ એવો છે કે, કોર્ટે દરેક મુદાઓ ઉપર પોતાનો ચુકાદો જાહેર કરવાનો રહે છે અને તેમાં એવો પરંતુક મુકવામાં આવ્યો છે કે, જયારે કોર્ટની હકુમત અંગેનો મુદો હોય અથવા તો કોઈ કાયદાથી બાધિત

હોવાનો મુદો હોય ત્યારે કોર્ટ તેવા મુદાને પ્રિલીમીનરી ઈસ્યુ તરીકે નકકી કરશે, તે સિવાયના કોઈ પણ કિસ્સામાં સી.પી.સી. ઓર્ડર ૧૪ રૂલ ૨(૧) ની જોગવાઈને જ અનુસરવાનું રહે છે. અહીં હાથ ઉપરના કેસમાં સમય મર્યાદાના મુદાને પ્રિલીમીનરી ઈસ્યુ તરીકે ફ્રેમ કરવાની માંગણી છે. કેસની હકીકતો જોતાં એ સ્પષ્ટ છે કે, સમય મર્યાદાનો મુદો હાથ ઉપરના કેસમાં પુરાવો નોંધ્યા સિવાય નકકી થઈ શકે તેમ નથી. મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ દાવો રદ કરવાની આંક–૧૬ ની અરજી લગત હુકમ કર્યો છે તેમાં એવુ તારણ આપ્યુ છે કે, લીમીટેશનનો મુદો હકીકતો ઉપર પણ આધાર રાખે છે અને તે હકીકતો પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે તેવી નથી. સી.પી.સી.ઓર્ડર ૧૪ રૂલ ૨ ની જોગવાઈઓનું અર્થઘટન કરવામાં આવે તો તેમાંથી ચોકકસ એવુ કહી શકાય તેમ છે કે, જો કાયદાનો મુદો પણ પુરાવો લીધા પછી જ નકકી થઈ શકે તેવો હોય તો તેવા સંજોગોમાં કોર્ટે સી.પી.સી.ઓર્ડર ૧૪ રૂલ ૨(૧) મુજબ તમામ મુદાઓ સંદર્ભે પુરાવો નોંધ્યા પછી તમામ મુદાઓ માટે પોતાનો ચુકાદો જાહેર કરવો જોઈએ. તે સંજોગોમાં અહીં હાથ ઉપરના કેસના સંજોગો જોતાં, પ્રતિવાદી એવા બચાવ સાથે આવ્યા છે કે, તેમણે વાદીને જે કાંઈ હિસ્સા માટે આપવાપાત્ર થતા હતા તે ૪૦–૪૫ વર્ષ પહેલા આપી દીધુ છે. આમ પ્રતિવાદીઓએ વાદીને શું આપી દીધુ છે, કયારે આપી દીધુ છે તે હકીકત પુરાવો નોંધીને નકકી કરવાની હોય, મહદઅંશે દાવાની તમામ વિષય વસ્તુઓ સમાવીષ્ટ થઈ જાય છે અને તે સંજોગોમાં દાવામાં માત્ર લીમીટેશનનો મુદો ફ્રેમ કરીને પુરાવો નોંધવામાં આવે તો કારણ વિના ટ્રાયલ લંબાવવાનો પ્રસંગ બને અને

લીમીટેશનનો મુદો જે હકીકતો ઉપર આધારીત છે તે જોતાં મહદઅંશે તમામ પુરાવો લીમીટેશનના મુદા અંગે પુરાવો નોંધીએ તેમાં સમાવિષ્ટ થઈ જ જતો હોય, હાથ ઉપરના કેસમાં દાવામાં તમામ મુદાઓ સંદર્ભે પુરાવો રજુ થાય અને દાવાનો નિર્ણય થાય તે ઉચિત જણાતુ હોય, પ્રતિવાદીની અરજી મંજુર થવા પાત્ર નથી તેમ માનુ છુ. વાદી તર્ફે પ્રતિવાદીની અરજી વિરૂધ્ધ જે ચુકાદાઓ ઉપર આધાર રાખ્યો છે તે ચુકાદાઓમાં એવુ ઠરાવવામાં આવ્યુ છે કે, જયારે સમય મર્યાદાનો મુદો પુરાવો લઈને જ નકકી કરવાનો હોય તો દાવામાં સમાયેલા તમામ મુદા સંદર્ભે એકસાથે પુરાવો લઈ લેવો જોઈએ. તે સંજોગોમાં પ્રતિવાદીની અરજી મંજુર થવા પાત્ર નથી તેવા સ્પષ્ટ તારણ પર પહોંચુ છુ અને નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**-:: હુ ક મ ::-**

પ્રતિવાદીની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ઉના.
તારીખ: ૩૦/૦૩/૨૦૨૧

**(Virendrasinh Gemalsinh Rana)**
પ્રિન્સી.સીની.સીવીલ જજ, ઉના કોડ
નં.જી.જે.૦૦૯૬૪